(Posted & Published on 5th day of Each Month)
દર મહિનાની '૫' તારીખે પ્રકાશિત



RNI NO. 14974/57 • R.NO.GAMC-56/2024-2026 • Valid up to 31 Dec. 2026



કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજી, વલભીપુર

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યમ્ ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્

(ગુજરાતી માસિક)


# વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ વર્તમાન

# VALAM BRAHMAN GNATI VARTMAN (Gujarati Monthly)

શ્રી વાલમ બ્રાહ્મણ મહામંડળ, અમદાવાદ સંચાલિત જ્ઞાતિનું મુખપત્ર

અંક-૪ ✦ વર્ષ-૭૭ ✦ માસ : ચૈત્ર-વૈશાખ ✦ સંવત-૨૦૮૨ ✦ તા. ૦૫-૦૪-૨૦૨૬
વાર્ષિક લવાજમ રૂ. ૫૦=૦૦ ✦ છુટક નકલ રૂ. ૫=૦૦

તંત્રી : કીર્તન દીક્ષિત



આદ્યસ્થાપક સંતશ્રી પુનિત મહારાજ

## તા. ૦૮-૦૩-૨૦૨૬, રવિવારના રોજ, કરમસદ, વાલમવાડી પંચ ખાતે મળેલ પ્રથમ કારોબારી મીટિંગની ઝલક.



ડાબેથી જમણે
મંત્રીશ્રી દિલીપભાઈ દીક્ષિત,
ખજાનચીશ્રી ભરત ભટ્ટ,
કરમસદ વાલમવાડી પંચના પ્રમુખ હેમંતભાઈ શુક્લ,
પ્રમુખશ્રી જયપ્રકાશ શુક્લ,
તંત્રીશ્રી કીર્તન દીક્ષિત,
કાર્યાલય મંત્રીશ્રી જયેશભાઈ મહેતા.



મંડળને રૂ. એક લાખનું અનુદાન છાત્રાલય માટે અર્પણ કરતા નવા વરાયેલ મંત્રીશ્રી મનોજભાઈ જોષી



કરમસદ વાલમવાડી પંચના પ્રમુખશ્રીનું સન્માન કરતા સંદીપભાઈ જોષી



નવા વરાયેલ ઉપપ્રમુખશ્રી રાજેન્દ્ર મહેતાનું સ્વાગત કરતા પ્રમુખશ્રી જયપ્રકાશ શુક્લ





આ અંક ના પ્રાયોજક (સ્પોન્સરર)
સુશ્રી મંદાબેન ચદ્રુકાન્ત શુક્લ, વસો (નડિયાદ)
અમૃત વર્ષની પૂર્ણતા પ્રસંગે.

# સંનિષ્ઠ અને સક્રીય મહિલા કાર્યકર
# સુશ્રી મંદાબેન યદુકાન્ત શુક્લ, વસો (નડિયાદ)



જન્મ તા. ૩૦-૦૩-૧૯૫૦

જરૂરિયાતમંદને ત્યાં જરૂરિયાતના સમયે પહોંચી જવાનું કૌશલ્ય અને દૃષ્ટિ શ્રી મંદાબેનમાં સાંગોપાંગ ઉજાગર થાય છે. વસો હાઈસ્કૂલમાં અભ્યાસ કરી વસોને જ કર્મભૂમિ બનાવી ૩૭ વર્ષ શિક્ષિક તરીકે સેવાઓ આપી અને છેલ્લા ૨૦ વર્ષથી બ્રહ્માકુમારીની પ્રવૃત્તિઓમાં અગ્રેસર ભૂમિકા ભજવે છે. નિરભિમાની અને સેવા માટે સદા તત્પર એવાં શ્રી મંદાબેન વિદ્યોત્તેજક મંડળના ઉપપ્રમુખ તથા મહામંડળની કારોબારીમાં સક્રિય છે.

તા. ૩૦-૦૩-૨૦૨૬ના રોજ જીવનના ૭૫ વર્ષ પૂર્ણ કરનાર શ્રી મંદાબેનને નિરામય અને આનંદિત જીવનની શુભેચ્છાઓ.

## ચૈત્રી નોરતા હવન






છેલ્લા નવ વર્ષથી વલ્લભીપુર, વાઘેશ્વરી માતાજી મંદિરે પૂનમ ભરતા ગ્રુપ દ્વારા માતાજીના સાનિધ્યમાં હવનનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે નોરતા દરમ્યાન વલ્લભીપુર મંદિર ખાતે હવન તથા અન્નકૂટ તા. ૨૨/૦૩/૨૬ને રવિવારે રાખવામાં આવેલ તેમાં એકસોથી વધુ જ્ઞાતિજનો એ આ દર્શનનો લાભ લીધેલ હતો. આ દિવસે હવનમાં યજમાન તરીકે શ્રી નૈનેશભાઈ પ્રમોદરાય આચાર્ય, મિહિરભાઈ મહેશભાઈ દીક્ષિત અને ચિરાગભાઈ કમલેશભાઈ અધ્વર્યુ એ સજોડે પૂજા વિધીમાં ભાગ લીધેલ જયારે અન્નકૂટ શ્રી વિજયભાઈ જોશી, નૈનેશ આચાર્ય, બ્રિજેશભાઈ આચાર્ય અને સુ શ્રી. સુરભીબેન વિજયભાઈ આચાર્ય તરફથી માતાજી ને ધરાવવા માં આવેલ. હવનની પુર્ણા હુતી બાદ સૌ જ્ઞાતિજનોએ ભોજન પ્રસાદ લઇ કૃતજ્ઞ ભાવ સાથે વિદાય લીધી. ઉપરોક્ત આયોજન ને સફળ બનાવવામાં તમામ કાર્યકર્તા નો આભાર માનવામાં આવ્યો.

– પ્રમોદરાય એન આચાર્ય

**પ્રમુખ :-**
જયપ્રકાશ શુક્લ
મો. ૯૮૨૪૪૭૯૯૪૪
**ઉપપ્રમુખ :-**
રાજેન્દ્ર મહેતા
મો. ૮૨૩૮૦૧૧૪૭૫
**મંત્રી :-**
મનોજ જોષી
મો. ૯૮૨૫૪૪૭૭૩૩
**તંત્રી :-**
કીર્તનભાઈ દીક્ષિત
મો. ૯૬૬૨૯૫૭૦૨૭
**ખજાનચી :-**
ભરત ભટ્ટ
મો. ૯૫૧૦૮૯૩૫૮૫
**કાર્યાલય મંત્રી :-**
દીલીપ જે. મહેતા
મો. ૯૮૯૮૬૬૮૨૬૮
**સહતંત્રીઓ :-**
જયેશ મહેતા
મો. ૯૯૯૮૮૦૪૮૩૮
મિતેશ અધ્વર્યું
મો. ૯૧૫૭૦૮૭૭૨૧
હરેન્દ્રભાઈ વી. ભટ્ટ
મો. ૯૪૨૬૪૩૬૩૪૪
ડૉ. હેમંત એસ. પંડ્યા
મો. ૯૮૭૯૨૦૮૫૧૬
સત્યેન જોશી
મો. ૯૫૮૬૫૫૯૪૭૧
**કન્વીનર મંદિર કમિટી :-**
પ્રમોદભાઈ એન. આચાર્ય
**મો. ૯૮૨૫૯૭૫૮૪૯**
**કન્વીનર છાત્રાલય કમિટીઃ-**
રાકેશભાઈ પુરોહિત
મો. ૯૪૨૬૦૪૨૧૧૦
**કન્વીનર શિક્ષણ કમિટી :-**
નિલેશભાઈ શુક્લ
મો. ૯૮૭૦૦૭૬૫૬૬
**કન્વીનર વેબસાઈટ કમિટી :-**
ચિન્મય વ્યાસ
મો. ૯૪૨૬૧૪૬૩૯૨
**કન્વીનર મિલકત કમિટી :-**
વિજય આચાર્ય
**મો. ૯૯૦૯૯૮૦૭૫૯**
**ટ્રસ્ટી મંડળ :-**
કૌશિકભાઈ અધ્વર્યું
મો. ૯૮૭૯૫૧૯૧૬૩
યોગેશભાઈ પાઠક
મો. ૯૪૨૮૧૨૫૫૬૩
દિલીપભાઈ જોશી
મો. ૯૯૦૯૯૬૨૦૨૬
શૈલેશભાઈ વ્યાસ
મો. ૭૬૦૦૨૧૩૭૭૦
ભાર્ગવભાઈ જોશી
મો. ૯૪૨૬૩૬૭૦૧૯

## તંત્રી સ્થાનેથી...



સુજ્ઞ જ્ઞાતિજનો,આપ સર્વે જાણો છો તેમ સંત શ્રી પુનિત મહારાજ સંકલ્પિત,પૂ.શ્રી દેવશંકર મહારાજ દ્વારા અનુદાનિત ભૂમિ પર સ્વ.રમેશચંદ્ર છોટાલાલ વ્યાસ દ્વારા સાકાર થયેલ મહામંડળ સંચાલિત છાત્રાલય નો જીર્ણોદ્ધાર કરવાનું મંડળ દ્વારા નક્કી કરવામાં આવેલ છે. વર્ષ ૧૯૮૨માં બનેલ આ મકાન ખૂબ જ જર્જરિત હાલતમાં છે. જેથી તેને નવેસરથી ઊભું કરવાની જરૂરિયાત ઉભી થયેલ છે. ઉક્ત કાર્ય માટે સર્વેનો તન, મન, ધનથી સહયોગ અપેક્ષિત છે. વિદ્યાના ધામ એવા વલ્લભ વિદ્યાનગરમાં ખૂબ મોકાની જગ્યા પર આવેલ આ છાત્રાલય એ મહામંડળની ધરોહર છે તથા તેને નવપલ્લવિત કરવાની સર્વે જ્ઞાતિજનોની જવાબદારી છે. ઘણા જ્ઞાતિજનો એ આ કાર્યમાં નાનો મોટો ફાળો નોંધાવવા ની શરૂઆત પણ કરેલ છે.

સર્વે જ્ઞાતિજનો ભાવનાત્મક રીતે આ કાર્યમાં જોડાય તેના માટે વાલમ કુળ ઉદ્ધારક શ્રી પુનિત મહારાજ તથા આ ભૂમિના દાતા એવા પૂ.દેવશંકર ભગતના ઈષ્ટદેવ એવા શ્રી રાજાધિરાજ રણછોડરાય પ્રભુ તથા મહાલક્ષ્મી માતાજીના ધ્વજાજી દરેક વાલમ બંધુઓના ઘરે ઘરે તેમજ પુનિત પ્રેમી નામી અનામી કોઈ પણ સ્વજનના ઘરે પધરામણી કરનાર છીએ. આ કાર્યની પુનિત શરૂઆત પુનિત આશ્રમ મણિનગર તથા દેવશંકર ભગતના પૌત્ર ભદ્રેશભાઈ પુરોહિતના નિવાસસ્થાનથી કરેલ છે. આશરે ૩૫,000/- જેવું ભંડોળ આ ધ્વજાજીના માધ્યમથી હાલ સુધી એકત્રિત કરી શક્યા છીએ. પરંતુ ખર્ચ ખૂબ મોટો છે જેથી સંગઠિત થઈ આપ સહુની શક્તિ મુજબ આ કાર્યમાં દાન માટે આપ જોડાશો તેવી વિનંતી છે. જેની પાસે શક્તિ છે તેઓ પોતાની શક્તિ મુજબ આ વિદ્યાદાનની અંદર જોડાય તેવી આશા રાખીએ છીએ નાનામાં નાના માણસનું એક રૂપિયાનું દાન પણ આ કાર્યને મૂલ્યવાન છે. મૂળ વાત સંગઠન,વૈચારિક ઐક્ય તથા ધ્યેય ને સિદ્ધ કરવા માટે કટિબદ્ધ થવાની છે.

**આપણે સૌ એક થઈ વિભાગવાડા વ્યક્તિગત હિત, અહં, વગેરે છોડી એક થઈ અને આ છાત્રાલય જીર્ણોદ્ધાર માટે કમર કસીશું તો જ આ કાર્ય શક્ય બનશે. દર માસે આ અંકના ૧૩૫૦ ઉપરાંત પોસ્ટિંગ કરવામાં આવે છે. જો એક સભ્ય ઓછામાં ઓછું રૂ. ૧,000/- નું અનુદાન નોંધાવે તો છાત્રાલયના પ્રારંભિક કાર્યની શરૂઆત કરી શકાય તેમ છે. આપ સૌ શક્તિ મુજબ કામ શરૂ થયા પછી પણ આ કાર્યમાં શક્ય તેટલો નાણાંકીય સહયોગ આપશો તેવી નમ્ર વિનંતી છે.**

● ● ●

**ટાઈપ સેટિંગ :** દિનેશ દરજી (મો. ૯૮૨૫૩૦૪૬૭૫), ઈ-મેઈલ : darjidinesh4675@gmail.com

## પ્રમુખ સ્થાનેથી...

# પરિવર્તનમાં પરિવર્તન કરવાની ઘડી



પરિવર્તનએ સંસારનો નિયમ છે એમ આપણે સાહજીકતાથી સ્વીકારી લીધું છે પણ એવું માની લેવાની જરૂર નથી કે બધાંજ પરિવર્તનો સારાં હોય છે.

મારે વાત કરવી છે સમાજના પ્રગતિના પાયા લગ્નસંસ્થાની, આજકાલ ઘેર ઘેર સંતાનોના લગ્ન માટે યોગ્ય પાત્રની શોધ એ એક સાંપ્રત સમસ્યા બની ગઈ છે. ખાસ કરીને છોકરા માટે છોકરી શોધવી એ તો વિકટ બની ગયું છે. માબાપ તરીકે આપણે માની લીધું છે કે પાત્રની પસંદગી એ જે તે છોકરા-છોકરીનો વિષય છે, પરિણામ સામે દેખાય છે કે ૩૦ ટકા જેટલા લગ્નોના છૂટાછેડા થાય છે. આ પરિવર્તનમાં ફરી પાછું પરિવર્તન કરી આપણે સ્થાપિત કરવું પડશે કે પાત્રની પસંદગી માત્ર છોકરા-છોકરીને નહિ પણ સમગ્ર કુટુંબનો વિષય છે.

આવા અપ્રસ્તુત પરિવર્તનના યુ ટર્ન માટે આપણે કૌટુંબિક સંપર્કો મજબૂત બનાવવા પડશે અને તેને માટે વ્યાપક માહિતી, ડેટા બેન્ક આપણી નવી વેબસાઈટ માધ્યમથી સત્વરે તૈયાર કરવી પડશે. તમારા કુટુંબના આબાલ વૃદ્ધ સૌનું રજીસ્ટ્રેશન કરી વહેલી તકે એકબીજા સાથે જોડાઈએ તે આવશ્યક છે.

રજીસ્ટ્રેશન માટે સ્કેન કરો
http://valamsamaj.org/register.php

## લગ્નના વધામણાં

(૧) વસો નિવાસી શ્રી રેખાબેન અને સ્વ. સતીષભાઈ ગૌરીશંકર વ્યાસના સુપુત્ર ચિ. પાર્થના શુભલગ્ન આણંદ નિવાસી અ.સૌ. પ્રફુલ્લાબહેન તથા હિતેશભાઈ ગુણવંતલાલ ગોરના સુપુત્રી ચિ. મૈત્રી સાથે તા. ૨૧-૦૨-૨૦૨૬ના રોજ સંપન્ન થયેલ છે.

(૨) વસો નિવાસી શ્રી નિર્મળાબેન (નીરૂબેન)ની પૌત્રી તથા સ્વ. યોગેન્દ્ર જનાર્દન પુરોહિતની સુપુત્રી ચિ. શ્રેયાના શુભલગ્ન અમદાવાદ નિવાસી અ.સૌ. ઈલાબેન તથા શ્રી પંકજભાઈ જયંતિલાલ દવેના સુપુત્ર ચિ. જયદત્ત સાથે તા. ૦૭-૦૨-૨૦૨૬ના રોજ સંપન્ન થયેલ છે.



# તા. ૮/૩/૨૬ ના રોજ કરમસદ મુકામે મળેલ કારોબારીના સર્વાનુમતે મંજુર થયેલ ઠરાવ

**ઠરાવ-૧** છેલ્લી કારોબારીની મીટીંગ બાદ દિવંગત થયેલ જ્ઞાતિજનોને ૨ મીનીટનું મૌન પાળીને શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવે છે.

**ઠરાવ-૨** તા. ૩૦/૧૧/૨૦૨૫ ની નડીયાદ મુકામે મળેલ કારોબારી મીટીંગની મીનીટ્સ / કાર્યવાહી મંજુર કરવામાં આવે છે.

**ઠરાવ-૩** કારોબારીની ખાલી જગ્યાઓ પર વિભાગમુજબ નીચે પ્રમાણે સભ્યોની નિમણૂંક કરવામાં આવે છે.

**ઠરાવ-૩(અ) ચરોતર વિભાગ**

ચરોતર વિભાગમાંથી ચૂંટણી અધિકારીએ નીચેના ૧ થી ૧૩ નામ બિનહરીફ ચૂંટાયેલા જાહેર કર્યા હોઈ ખાલી પડેલ ત્રણ જગ્યા માટે શ્રી દિલીપભાઈ જોષીએ નીચેના ક્રમાંક ૧૪, ૧૫, ૧૬ ના નામ સૂચવેલ જેને કારોબારી મંજૂર કરે છે.

(૧) મંદાકિનીબેન યદુકાંત શુક્લ
(૨) ભદ્રેશકુમાર કનૈયાલાલ પુરોહિત
(૩) જીતેન્દ્રકુમાર ચંદુભાઈ (હરિકૃષ્ણ) પુરોહિત
(૪) નિલેશચંદ્ર જયંતીલાલ શુક્લ
(૫) સંદીપકુમાર રજનીકાન્ત જોષી
(૬) જયપ્રકાશ ભાનુપ્રસાદ શુક્લ
(૭) દિલીપભાઈ કિરપાશંકર જોષી
(૮) રાકેશકુમાર હરિકૃષ્ણ પુરોહિત
(૯) હેમેન્દ્રભાઈ વિનાયકરાવ ભટ્ટ
(૧૦) કૌશલ મધુસુદન પુરોહિત
(૧૧) ગિરીશચંદ્ર સોમેશ્વર પુરોહિત
(૧૨) હેમંતિકા ગિરીશચંદ્ર પુરોહિત
(૧૩) વિપુલભાઈ રઘુનાથભાઈ વ્યાસ
(૧૪) અનિલકુમાર જયદેવભાઈ પુરોહિત
(૧૫) હિમાંશુ કિરણભાઈ પુરોહિત
(૧૬) કલ્પેશ પ્રિયકાન્ત મહેતા

**ઠરાવ-૩(બ) સોરઠ વિભાગ**

સોરઠ વિભાગમાંથી ચૂંટણી અધિકારીએ નીચેના ક્રમાંક ૧ થી ૩ ના નામ બિનહરીફ ચૂંટાયેલા જાહેર કર્યા હોઇ ખાલી પડેલ ૧૬ જગ્યા માટે શ્રી ભાર્ગવભાઇ જોશીએ નીચેના ક્રમાંક ૪ થી ૧૯ મુજબના નામ સૂચવેલ જેને કારોબારી મંજૂર કરે છે.

(૧) ભાર્ગવ જનાર્દનભાઈ જોષી
(૨) અજય જનાર્દનભાઈ જોષી
(૩) મનોજકુમાર જનાર્દનભાઈ જોષી
(૪) નયનકુમારમુગટલાલ ઉપાધ્યાય
(૫) આદિત્ય નયનકુમાર ઉપાધ્યાય
(૬) સત્યેન રમેશચંદ્ર જોષી
(૭) રજનીકાન્ત રતિલાલ પંડ્યા
(૮) અતુલકુમાર પ્રવિણચંદ્ર પંડ્યા
(૯) ડૉ. દક્ષેશ મહેશભાઇ પંડ્યા
(૧૦) ભાવેશ હસમુખભાઇ વ્યાસ
(૧૧) ઉજ્જવલ રમણીકભાઇ પંડ્યા
(૧૨) ડૉ. ધરાબેન ભાવેશ વ્યાસ

(૧૩) નીતાબેન બિપીનભાઇ વ્યાસ (૧૪) દેવયાનીબેન ઉજ્જવલભાઇ પંડ્યા
(૧૫) શોભનાબેન જીતેન્દ્રભાઈ પંડ્યા (૧૬) સંજયભાઇ બી. જોષી
(૧૭) અપૂર્વ જી. પંડ્યા (૧૮) યશરાજ એ. પંડ્યા
(૧૯) સુશીલભાઈ જી. વ્યાસ

ઠરાવ-૩(ક) **ચાર જથ્થા વિભાગ**

ચાર જથ્થા વિભાગમાંથી ચૂંટણી અધિકારીએ બે નામ બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરેલ, જે પૈકી શ્રી રાજેન્દ્રભાઇ ભટ્ટ નું અવસાન થયેલ હોઇ ખાલી પડેલ ૧૫ જગ્યા માટે શ્રી રાજેન્દ્રભાઇ એમ. મહેતાએ ક્રમાંક ૨ થી ૧૬ ના નામ સુચવેલ છે.

(૧) રાજેન્દ્ર માણેકલાલ મહેતા (૨) શૈલેષભાઇ એલ. વ્યાસ
(૩) અંજનાબેન દિપકકુમાર ભટ્ટ (૪) પંકજભાઇ આર. ઉપાધ્યાય
(૫) હિતેષકુમાર ગજાનનભાઇ ભટ્ટ (૬) ભરતભાઇ વી. ભટ્ટ
(૭) વિજયભાઇ જે. ભટ્ટ (૮) હેમંતકુમાર એસ. પંડ્યા
(૯) સુરેશભાઇ પી. ઠાકર (૧૦) ચિરાગ સુરેશચંદ્ર ભટ્ટ
(૧૧) ગોપાલભાઈ બી. ઠાકર (૧૨) ચંદ્રકાન્ત બી. મહેતા
(૧૩) ભરતભાઇ એન. વ્યાસ (૧૪) અલ્કેશભાઇ કે. જોષી
(૧૫) રાજેશ કુલીનચંદ્ર જોષી (૧૬) જાગૃતિ વિજયકુમાર મહેતા

ઉપરોક્ત પૈકી (૧) અ.નં. ૨ થી ૧૧ ના નામ મંજૂર કરવામાં આવે છે.

(૨) અ.નં. ૧૨) શ્રી ચંદ્રકાંત બી. મહેતાના નામને પુનઃવિચારણા માટે પરત મોકલવાનું નક્કી કરવામાં આવે છે. અ. નં. ૧૩ થી ૧૬ સભ્ય ન હોવાથી પરત મોકલવામાં આવે છે.

ઠરાવ-૩(ડ) **ધંધુકા વિભાગ**

ધંધુકા વિભાગમાંથી ચૂંટણી અધિકારીએ તમામ ૧૯ નામ બિનહરીફ ચૂંટાયેલા જાહેર કર્યા હોઇ કોઈ જગ્યા ખાલી પડતી ન હોવાથી નિમણૂંક કરવાની થતી નથી.

(૧) કીર્તન રાજેન્દ્રભાઈ દીક્ષિત (૨) પ્રમોદરાય નર્મદાશંકર આચાર્ય
(૩) પ્રજ્ઞાબેન ઉમેશભાઈ અધ્વર્યુ (૪) સુરભિબેન વિજયકુમાર આચાર્ય
(૫) અશ્વિનભાઈ નાથાલાલ જોષી (૬) ભરત રમણિકલાલ ભટ્ટ
(૭) મિતેષભાઈ ગિરીશચંદ્ર અધ્વર્યુ (૮) જયેશભાઈ મનસુખરામ મહેતા
(૯) દિલીપકુમાર જમનાશંકર મહેતા (૧૦) યોગેશભાઈ પ્રમોદરાય પાઠક
(૧૧) વિરેન્દ્રભાઈ ગિરીશભાઈ આચાર્ય (૧૨) કૌશિકભાઈ બાલમુકુંદ અધ્વર્યુ
(૧૩) દિવ્યાંગ સુરેન્દ્રભાઈ મહેતા (૧૪) દિલીપભાઈ જગન્નાથભાઈ દીક્ષિત

(૧૫) અરૂણભાઈ મહેન્દ્રપ્રસાદ શુકલ (૧૬) ચિરાગ હર્ષદરાય આચાર્ય
(૧૭) નિરવ હર્ષદરાય દીક્ષિત (૧૮) ઇન્દ્રવદનભાઈ નટવરલાલ અધ્વર્યુ
(૧૯) વિપુલભાઈ વિનોદરાય ઉપાધ્યાય

ઠરાવ-૪ હાલના નીચે પ્રમાણેના પાંચેય ટ્રસ્ટીઓને ચાલુ રાખવાનું નક્કી કરવામાં આવે છે.
(૧) કૌશિકભાઇ બી. અધ્વર્યુ (૨) યોગેશભાઈ પી. પાઠક
(૩) દિલીપભાઇ કે. જોષી (૪) શૈલેશભાઈ એન. વ્યાસ
(૫) ભાર્ગવભાઇ જે. જોષી

ઠરાવ-૫ ચૂંટણી અધિકારીની નિમણૂંક આગામી કારોબારીમાં કરવાનું નક્કી કરવામાં આવે છે.

ઠરાવ-૬ મહામંડળના ઉપપ્રમુખ તરીકે ચારજથ્થા વિભાગના **શ્રી રાજેન્દ્રકુમાર માણેકલાલ મહેતા**ના નામની દરખાસ્ત શ્રી પંકજભાઈ આર. ઉપાધ્યાય એ રજુ કરેલ, જેને શ્રી પ્રમોદભાઈ આચાર્ય (ધંધુકા), ભદ્રેશભાઈ પુરોહીત (ચરોતર), ગોપાલભાઈ બી. ઠાકર (ચારજથ્થા) અને ભાર્ગવભાઈ જે.જોષી (સોરઠ) એ ટેકો જાહેર કરતાં તેમની ઉપપ્રમુખ તરીકે નિમણૂંક કરવામાં આવે છે.

ઠરાવ-૭ **મહામંડળના મંત્રી તરીકે શ્રી મનોજકુમાર જનાર્દનભાઈ જોષી**ના નામને પ્રમુખશ્રી જયપ્રકાશ શુકલએ સુચવેલ તેને મંજૂર કરવામાં આવે છે.

ઠરાવ-૮ નીચેના હોદ્દેદારોના નામ પ્રમુખશ્રી એ સુચવેલ જેને મંજુર કરવામાં આવે છે.
**તંત્રી : શ્રી કીર્તન રાજેન્દ્રભાઈ દીક્ષિત, ખજાનચી : શ્રી ભરત રમણિકલાલ ભટ્ટ**
**કાર્યાલય મંત્રી : શ્રી દિલીપકુમાર જમનાશંકર મહેતા**
મંત્રી સહમંત્રીઓ, તંત્રી સહતંત્રીઓ, ખજાનચી સહ ખજાનચી અને કાર્યાલય મંત્રી સહ કાર્યાલય મંત્રી ના નામ સૂચવે તેને મંજૂર કરવાનું નક્કી કરવામાં આવે છે.

ઠરાવ-૯ નીચે પ્રમાણે પેટા કમીટીઓના કન્વીનરની નિમણૂંક કરવામાં આવે છે.
**મંદિર કમીટી : શ્રી પ્રમોદરાય નર્મદાશંકર આચાર્ય**
**શિક્ષણ કમીટી : શ્રી નિલેશકુમાર જયંતિલાલ શુકલ**
**વેબસાઈટ કમીટી : શ્રી ચિન્મય અતુલભાઈ વ્યાસ**
**છાત્રાલય કમિટી : શ્રી રાકેશકુમાર હરિકૃષ્ણ પુરોહીત**
**મિલ્કત કમિટી : શ્રી વિજયકુમાર ગીરીશચંદ્ર આચાર્ય**
ઉપરોક્ત કન્વીનરશ્રીઓ તેમની કમિટીઓના સભ્યોના નામ સુચવે તેને મંજૂર કરવાનું નક્કી કરવામાં આવે છે.

ઠરાવ-૧૦ ગત કારોબારી ઠરાવ નં. ૬ મુજબ છાત્રાલય ચાલુ કરવાનું નક્કી કરવામાં આવેલ, પણ આજ રોજ ઉપસ્થિત કારોબારી સભ્યોએ છાત્રાલયની રૂબરૂ મુલાકાત લીધા બાદ અભિપ્રાય આપેલ છે કે, છાત્રાલયનું મકાન રીપેર કરવાને બદલે જમીનદોસ્ત કરી, સરકારી મંજુરી મેળવી નવેસરથી બનાવવું. ઉપસ્થિત આમંત્રિત

વડિલ સભ્ય પુનિત પ્રેમી સદ્‌ગૃહસ્થે છાત્રાલયના જીર્ણોદ્ધાર માટે ઊભા થઈ મોટી રકમ અનુદાન માટે આપવાની તૈયારી દર્શાવેલ છે. અત્રે નોંધનીય છે કે અગાઉ પણ નડિયાદ ખાતે ૬૦મા અધિવેશન પ્રસંગે છાત્રાલય રીપેરિંગ માટે **રૂ. અગિયાર લાખ**ના અનુદાનની તેઓશ્રીએ જાહેરાત કરેલ હતી. છાત્રાલય કમિટીના સભ્યોની ત્વરીત નિમણૂંક કરી નવું મકાન બનાવવા માટેની કાર્યવાહી કરવા માટે **કન્વીનર શ્રી રાકેશકુમાર પુરોહિત**ને જણાવવામાં આવે છે.

ઠરાવ-૧૧ **શ્રી વાલમ બ્રાહ્મણ મહામંડળ, અમદાવાદ** ના સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, વાસણા શાખા, અમદાવાદ ના બચત ખાતા નં.૧૦૫૯૦૩૭૮૧૦ માં નાણાંકીય લેવડ-દેવડ માટે નીચેના હોદ્દેદારોની સહી અધિકૃત ગણાશે.

**(૧) શ્રી જયપ્રકાશભાઈ બી. શુક્લ, પ્રમુખ**

**(૨) શ્રી મનોજકુમાર જનાર્દનભાઈ જોષી, મંત્રી**

**(૩) શ્રી ભરત રમણીકલાલ ભટ્ટ, ખજાનચી**

ઉપરોક્ત કુલ ત્રણ પૈકી ગમે તે બે ની સંયુક્ત સહીથી નાણાંકીય લેવડ દેવડ કરવાની રહેશે.

ઠરાવ-૧૨ **શ્રી વાલમ બ્રાહ્મણ મહામંડળ, અમદાવાદ,** એડીસી બેંક, નારાયણ નગર શાખા, અમદાવાદના બચત ખાતા નં.૬૦૩૦૮૧૦૩૯૨૨૩ માં નાણાંકીય લેવડ-દેવડ માટે નીચેના હોદ્દેદારોની સહી અધિકૃત ગણાશે.

**(૧) શ્રી જયપ્રકાશભાઈ બી. શુક્લ, પ્રમુખ**

**(૨) શ્રી મનોજકુમાર જનાર્દનભાઈ જોષી, મંત્રી**

**(૩) શ્રી ભરત રમણીકલાલ ભટ્ટ, ખજાનચી**

ઉપરોક્ત કુલ ત્રણ પૈકી ગમે તે બે ની સંયુક્ત સહીથી નાણાંકીય લેવડ દેવડ કરવાની રહેશે.

ઠરાવ-૧૩ **વાલમ બ્રાહ્મણ મહામંડળ, અમદાવાદ** સંચાલિત **વલ્લભીપુર મંદિરના નાણાંકીય વ્યવહાર** માટે ભાવનગર ડીસ્ટ્રીકટ કો. ઓપરેટીવ બેંક લી., વલ્લભીપુર શાખાના બચત ખાતા નં. ૬૧૦૦૦૬૦૧૯૫૨૦ માં નાણાંકીય લેવડ-દેવડ માટે નીચેના હોદ્દેદારોની સહી અધિકૃત ગણાશે.

**(૧) શ્રી જયપ્રકાશભાઈ બી. શુક્લ, પ્રમુખ** **(૨) શ્રી મનોજકુમાર જનાર્દનભાઈ જોષી, મંત્રી**

**(૩) શ્રી ભરત રમણીકલાલ ભટ્ટ, ખજાનચી** **(૪) શ્રી પ્રમોદભાઈ નર્મદાશંકર આચાર્ય**

ઉપરોક્ત કુલ ચાર પૈકી ગમે તે બે ની સંયુક્ત સહીથી નાણાંકીય લેવડ દેવડ કરવાની રહેશે.

ઠરાવ-૧૪ **કરમસદ છાત્રાલય**

**વાલમ બ્રાહ્મણ મહામંડળ, અમદાવાદ** સંચાલિત કરમસદ છાત્રાલયના નાણાંકીય વ્યવહાર માટે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, કરમસદ શાખા, બચત ખાતા નં. ૩૭૬૬૮૬૭૩૧૯૦ માં નાણાંકીય લેવડદેવડ માટે નીચેના હોદ્દેદારોની સહી અધિકૃત ગણાશે.

**(૧) શ્રી જયપ્રકાશભાઈ બી. શુક્લ, પ્રમુખ** **(૨) શ્રી મનોજકુમાર જનાર્દનભાઈ જોષી, મંત્રી**

**(૩) શ્રી ભરત રમણીકલાલ ભટ્ટ, ખજાનચી** **(૪) રાકેશકુમાર હરિકૃષ્ણ પુરોહીત**

ઉપરોક્ત કુલ ચાર પૈકી ગમે તે બે ની સંયુક્ત સહીથી નાણાંકીય લેવડ દેવડ કરવાની રહેશે.

• • •

## સ્તુત્ય - અનુકરણિય

આપણાં શ્રી વાઘેશ્વરી માતાજીના મંદિરમાં વલ્લભીપુરના ગર્ભદ્વારમાં જે ટાઈલ્સ મૌજુદ હતી તે મંદિરની શરૂઆતના સમયની એટલે સ્થાપના કાળના સમયની જે આજે બિલકુલ 'ડીમ' અને કેટલાંક ભાગથી ખંડીત થયેલ હતી. આપણી જ્ઞાતિના દર્શનાર્થી **શ્રી ભસ્માંગભાઈ દુર્ગાપ્રસાદ આચાર્ય**ની નજરમાં આ બાબત આવી અને તેઓએ શ્રી માતાજીની મૂર્તિ ઉપર આની અસર દેખાય છે વગેરે બાબતોની મારી સાથે ચર્ચા કરતાં તેઓએ આ લાદી બદલવાની સૂચના આપેલ અને જે કાંઈ આર્થિક ખર્ચ થશે તે પોતે આપશે તેમ નિર્ણય આપતા બહુ જ ટુંકાગાળામાં આ બાબતનો અમલ કરતા મંદિર અને માતાજીના મુખારવિંદ ઉપર ચમક આવી ગયેલ છે. આમ ઉદાર દિલે સૂચના આપવી ભાગ્યે જ કોઈ વિરલ માઈ ભક્ત નીકળે ?

- મહેશ દિક્ષીત(પૂર્વ કન્વીનર, મંદિર કમીટી), ભાવનગર.

## વાલમ રોજગાર સેતુ

તમામ બ્રાહ્મણ ભાઈઓ બહેનો માટે પોતાની લાયકાત, ઈન્ટરેસ્ટ, અનુભવ અને વિસ્તારમા રોજગાર મેળવવા માટેનુ અદભુત ગૃપ એ પણ તદ્દન નિઃશુલ્ક. આજે જ QR કોડ સ્કેન કરીને ગૃપમા જોડાઓ. ગૃપમા એક ફોર્મ મોકલવામા આવશે. જેમા તમારી વિગત ભરીને સબમીટ કરશો એટલે તમારી વિગત ખ્યાતનામ કંપનીઓમા મોકલાશે અને તેમા રોજગારીની તકો પૂરી પાડવામા આવશે. વધુમાં આપને ગૃપમા આપની લાયકાત અને અનુભવને લગતી રોજગારની જાહેરાત પણ મોકલાશે. આપણુ યુવા ધન રોજગારના અભાવે ન રહે તે માટે આ એક વાલમ બ્રાહ્મણ ટીમની તમામ ભૂદેવશ્રીઓ માટે નિસ્વાર્થ અને નિઃશુલ્ક સેવા છે. જેનો લાભ બધાને મળે તે માટે તમામ બ્રાહ્મણ ગૃપમા મોકલશો જેનાથી આપ આ ઉમદા કાર્ય મા મદદરૂપ થઈ શકો છો.

### આંતરરાષ્ટ્રીય મહિલા મહોત્સવ



**અમદાવાદ વાલમ બ્રાહ્મણ મહિલા મંડળ** દ્વારા તા.૦૧/૦૩/૨૦૨૬ રવિવાર ના રોજ સાજે ૪.૦૦ થી ૭.૦૦ દરમ્યાન મધુલતા હોલમાં મહિલા દિનની ઉજવણીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો આપણી જ્ઞાતિ માં કેટલીક બહેનો આપણને ગર્વ થાય તેવું વિશેષ કૌશલ્ય ધરાવે છે તેમજ સમાજમાં જુદા જુદા ક્ષેત્રમાં આગવું સ્થાન ધરાવે છે તેવી મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું. કલ્પનાબેન યોગેશભાઈ આચાર્ય તથા સુકન્યાબેન હર્ષદભાઈ આચાર્ય જેમાં **શ્રીમતી માધવીબેન અશોકભાઈ દીક્ષિત (અમદાવાદ જિલ્લા ભાજપ સંગઠન મંત્રી)** તથા **શ્રીમતી દિવ્યાબેન અધ્વર્યુ (પાસપોર્ટ ઓફિસર, અમદાવાદ)** ડાયસ પર બિરાજમાન થયેલ. અમદાવાદ વાલમ બ્રાહ્મણ યુવકમંડળના અશ્વિનભાઈ જોષી અને માનવતા ચેરિટેબલ ટ્રસ્ટના રશ્મિભાઈ આચાર્ય અન્ય હોદ્દેદારો સાથે હાજર રહી બહેનોનો ઉત્સાહ વધાર્યો. શ્રીમતી સ્મૃતિબેન દીક્ષિત દ્વારા એન્કરિંગ કરીને કાર્યક્રમનું સુંદર સંચાલન કરવામા આવ્યું. અંતમાં અલ્પાહારનો આનંદ માણી સૌએ વિદાય લીધી.

## એક અનોખી સેવા

**શ્રી દુર્ગા સપ્તશતી ચંડીપાઠ માઈભક્ત ગૃપ** દ્વારા ચૈત્ર સુદ નોમ ૨૦૮૧ના રોજ વાઘેશ્વરી માતાજી મંદિર ઓગણજ ખાતે શાસ્ત્રી શ્રી હિતેશભાઈ જી. ભટ્ટની આગેવાનીમાં સામૂહિક ચંડીપાઠ કરીને ચાલુ કરવામાં આવેલ. સમાજના કે અન્ય સમાજના આમંત્રણથી સામૂહીક ચંડીપાઠ કરવા કોઈ પણ ચાર્જ વિના માઈભક્ત ગૃપનાં સભ્યો જઈએ છીએ. આ કાર્યક્રમમાં માતાજી પાસે ભેટ મૂકેલ રકમનો સદ્‌પયોગ કરવા ચંડીપાઠ ગૃપનાં સભ્યોએ સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું કે માતાજીની મૂર્તિ પાસે તેમજ આરતીમાં જે ભેટ આવે છે, આ રકમનો આપણા ગૃપ મારફતે વાલમ બ્રાહ્મણ સમાજમાં અમદાવાદ શહેરમાં વસતા કોઈ સ્વજનનું અવસાન થયું હોય, તે સ્વજનનાં ઘરે ૪૦ થી ૫૦ વ્યક્તિ માટે અથવા જરૂરિયાત મુજબ સભ્ય સંખ્યા માટે ખીચડી, શાક, રોટલી અને છાસની રસોઈ બનાવડાવી તેઓના નિવાસ સ્થાને પહોંચાડવાનું આયોજન કરવામાં આવે અને આપણા ગૃપમાં મળેલ રકમ આ કાર્ય માં વાપરીએ અને વધુ એક ઉત્તમ સેવા કરી શકાય.

જ્ઞાતિના સર્વે સભ્યશ્રી ને જણાવવાનું કે ચંડીપાઠના ગૃપ માં જોડાવવાની ઈચ્છા હોય તેઓ પણ સંપર્ક કરી શકે છે.

**કોન્ટેકટ નંબર**

ભાઈલાલભાઈ એન. ભટ્ટ, મો. 9998600626

કિર્તનભાઈ આર. દિક્ષિત, મો. 7990276227

યોગેશભાઈ બી. જોશી, મો. 9925236319

હિતેશભાઈ જી. ભટ્ટ, મો. 9913084087

કૌશીકભાઈ જી. આચાર્ય, મો. 9428405032

ભરતભાઈ બી. મહેતા, મો. 9687385433

## એક દિવસીય પ્રવાસ

**વાલમ બ્રાહ્મણ મહિલા મંડળ, રાજકોટ** દ્વારા આયોજિત જડેશ્વર, માટેલ અને મોઢેશ્વરી મંદિરનો એક દિવસીય પ્રવાસ તા. ૨૮/૦૨/૨૦૨૬, વસંતના ખુશનુમા વાતાવરણમાં કરવામાં આવેલ.



## ગતાંકનો સુધારો

પહોંચ નં. ૧૮૦૯૯માં સ્વ. મધુસૂદન ખંડુલાલ આચાર્યની તિથી આસો વદ નોમ છપાઈ છે તે અષાઢ વદ નોમ વાંચવી.

NISHIT BHATT (CONSULTANT ) +919537084441
NISHIT@FINTRUSTINVESTMENTS.IN
www.fintrustinvestments.in

FINTRUST
INVESTMENTS PVT LTD

- MUTUAL FUNDS
- SIP / STP / SWP
- PMS / AIF / SIF
- NRI INVESTMENTS
- STOCK BROKING / DEMAT
- BONDS / FIXED DEPOSIT

Address : B-308, Inceptum, Nr. Tranquil, Opp. Hotel Planet Landmrk, Iscon Ambli Road, Ambli, Ahmedabad-380058.

**મહામંડળ કાર્યાલયે આવેલ ભેટની યાદી**

૧૦૧/- વ્રજ નીલેષ ઉપાધ્યાય, કુળદેવી ભેટ, ૧૮૧૦૨

૧૦૦૧/- નિમેષ નીરંજનભાઈ અધ્વર્યું, તિથીદાન, સ્વ. નીરંજનભાઈ ચંદુલાલ અધ્વર્યું, ફાગણ વદ-૧(એકમ), ૧૮૧૦૩

રદબાતલ ૧૮૧૦૪

૨૦૦૦/- મનોજભાઈ જનાર્દન જોષી, તિથીદાન, સ્વ. કૌમીદીની જનાર્દન જોષી, શ્રાવણ વદ ૧૦, સ્વ. શાંતીલાલ જનાર્દન જોષી, ફાગણ સુદ-૩, ૧૮૧૦૫

૫૦૦/- સિદ્ધાર્થ સંજયકુમાર જોષી, આજીવન સભ્ય, સોરઠ વિભાગ, ૧૮૧૦૬

૫૦૦/- પંકજકુમાર રમણિકલાલ ઉપાધ્યાય, આજીવન સભ્ય, ચાર જથ્થા વિભાગ, ૧૮૧૦૭

૫૦૦/- ગોપાલભાઈ ભીખાભાઈ ઠાકર, આજીવન સભ્ય, ચાર જથ્થા વિભાગ, ૧૮૧૦૮

૧૦૦૦/- સુરેશભાઈ પ્રવીણભાઈ ઠાકર, તિથીદાન, સ્વ. પ્રવીણભાઈ પુરુષોત્તમદાસ ઠાકર, પોષ વદ-૭(સાતમ), ૧૮૧૦૯

૫૦૦/- ભરતભાઈ નરહરીપ્રસાદ વ્યાસ, આજીવન સભ્ય, ચાર જથ્થા વિભાગ, ૧૮૧૧૦

૨૦૦૦/- ભરત રમણીકલાલ ભટ્ટ, તિથીદાન, ભૂમિન ભરત ભટ્ટ, ગાર્ગી ભૂમિન ભટ્ટ, લગ્ન તા. ૧૬ ફેબ્રુઆરી, પ્રેરીત ભૂમિન ભટ્ટ, જન્મતારીખ ૨૬, એપ્રિલ, ૧૮૧૧૧

૨૦૦૦/- જનક જયકૃષ્ણ અધ્વર્યું, તિથીદાન, યશ જનક અધ્વર્યું, ૧૮ નવેમ્બર, હોરા યશ અધ્વર્યું, ૨૩ માર્ચ, ૧૮૧૧૨

૩૦૦૦/- બંકીમ પ્રવીણચંદ પાઠક, વા.વ.સહાય, પટ્ટી જાહેરાત માર્ચ-૨૦૨૫ થી ફેબ્રુઆરી ૨૦૨૬, ૧૮૧૧૩

૫૦૦/- રાજેશ બળવંતરાય ઉપાધ્યાય, વા.વ.સહાય, સુપુત્ર ડૉ. પ્રાંજલની વિગત વા.વ. છપાવવા માટે, ૧૮ ૧૧૪

૧૦૦૦/- સંજય કનૈયાલાલ જોષી, તિથીદાન, સ્વ. પ્રભાવતીબેન કનૈયાલાલ જોષી, જેઠ સુદ પૂનમ, ૧૮૧૧૫

૧૭૫૦૦/- હીનાબેન જીજ્ઞેશભાઈ દીક્ષિત, છાત્રાલય ફંડ, જન્મદિવસ નિમિત્તે, ૧૮૧૧૬

૧૦૦૦/- મનોજ જનાર્દન જોષી, વાલમ વર્તમાન સહાય, પક્ષી પરબની વિતરણના સમાચાર વા.વ. છાપવા, ૧૮૧૧૭

૯૦૦૦/- માધવ ઓવરસીઝ, વા.વ.સહાય, ધવલ જોષી, વા.વ.માં પટ્ટી જાહેરાત માટે, ઓગસ્ટ ૨૦૨૪ થી જુલાઈ ૨૦૨૭, ૧૮૧૧૮


**શ્રી પ્રકાશભાઈ બી. વ્યાસ અને શ્રી ચિરંજીતભાઈ વ્યાસ અને પરિવારના જયશ્રી સાંઈરામ**



**SAI FINANCIAL SERVICES**
**SHREE SAIRAM CONSULTANCY PVT. LTD.**
**SHREE SAIRAM INVESTMART PVT. LTD.**
401, 404, 405, Sur Sarthi Complex, Nr. Ambawadi Circle, Ahmedabad-380006.
Phone : (0) 079-40025207 (M) 98250 24877



**વાઘેશ્વરી માતાજીના મંદિર, વલ્લભીપુર**
**આવેલ ભેટ તથા વસ્તુ ની યાદી**

| | |
|---|---|
| ૩૦૦૦/- | અસ્મિતાબેન દિનેશચંદ્ર આચાર્ય, કુળદેવી ભેટ, ૧૯૭૦ |
| ૫૦૦/- | મનિષભાઈ દીક્ષિત, કુળદેવી ભેટ, ૧૯૭૧ |
| ૨૦૦/- | રશ્મિકાંતભાઈ આચાર્ય, કુળદેવી ભેટ, ૧૯૭૨ |
| ૨૫૦/- | રીટાબેન રાજેન્દ્રભાઈ પાઠક, કુળદેવી ભેટ, ૧૯૭૩ |
| ૫૦૦/- | ચિરાગ હર્ષદભાઈ આચાર્ય, કુળદેવી ભેટ, ૧૯૭૪ |
| ૧૦૦/- | વેદીકા અમિત આચાર્ય, કુળદેવી ભેટ, ૧૯૭૫ |
| ૧૦૦/- | દર્શ નિશાંત આચાર્ય, કુળદેવી ભેટ, ૧૯૭૬ |
| ૨૦૦/- | શનાયા ચિંતન ગોખલે, કુળદેવી ભેટ, ૧૯૭૭ |
| ૨૦૦/- | અનાયા બ્રિજેશ આચાર્ય, કુળદેવી ભેટ, ૧૯૭૮ |
| ૨૦૦/- | ભરત રમણીકલાલ ભટ્ટ, કુળદેવી ભેટ, ૧૯૭૯ |
| ૧૦૦/- | શિવાંગ યોગેશભાઈ પાઠક, કુળદેવી ભેટ, ૧૯૮૦ |
| ૩૦૦/- | વિભૂતિબેન વિરેન્દ્રભાઈ આચાર્ય, કુળદેવી ભેટ, ૧૯૮૧ |
| ૧૫૦/- | શૈલેષભાઈ એચ. ભટ્ટ, કુળદેવી ભેટ, ૧૯૮૨ |
| ૧૦૦/- | અથર્વ હર્ષ ભટ્ટ, કુળદેવી ભેટ, ૧૯૮૩ |
| ૫૦૦/- | પર્વમ હસિતભાઈ ભટ્ટ, કુળદેવી ભેટ, ૧૯૮૪ |
| ૨૫૦/- | વિનયભાઈ દશરથલાલ દીક્ષિત, કુળદેવી ભેટ, ૧૯૮૫ |
| ૨૫૦/- | શર્મિષ્ઠાબેન વી. દીક્ષિત, કુળદેવી ભેટ, ૧૯૮૬ |
| ૧૦૦૦/- | પ્રતિમાબેન વસંતભાઈ દીક્ષિત, કુળદેવી ભેટ, ૧૯૮૭ |
| ૩૦૦૦/- | બિન્દા અંકિત દીક્ષિત, કુળદેવી ભેટ, ૧૯૮૮ |
| ૨૬૦૦/- | રાજેન્દ્રસિંહ ગોહિલ, અન્ય આવક, ૧૯૮૯ |
| ૬૦૦૦/- | શ્રીમુરલીધર મંદિર, પચ્છેગામ, અન્ય આવક, ૧૯૯૦ |
| ૩૨૬૦/- | ખેતીવાડી મિટિંગ, વલ્લભીપુર, અન્ય આવક, ૧૯૯૧ |
| ૨૯૬૧૦/- | મંદિરની દાન પેટીની આવક, કુળદેવી ભેટ, ૧૯૯૨ |
| ૧૪૯૦/- | મંદિરની દાન પેટીની આવક (પરચુરણ), કુળદેવી ભેટ, ૧૯૯૩ |
| ૧૫૦૦/- | સ્વ. ઉષાકાંત રામપ્રસાદ વ્યાસ, કુળદેવી ભેટ, ૧૯૯૪ |
| ૧૦૦૦/- | સ્વ. રક્ષાબેન ઉષાકાંતભાઈ વ્યાસ, કુળદેવી ભેટ, ૧૯૯૫ |
| ૧૦૦/- | નયનાબેન એમ. મહેતા, કુળદેવી ભેટ, ૧૯૯૬ |
| ૧૫૦/- | પ્રતિભાબેન એન. મહેતા, કુળદેવી ભેટ, ૧૯૯૭ |
| ૨૫૦/- | યોગેશભાઈ પી. પાઠક, કુળદેવી ભેટ, ૧૯૯૮ |
| ૬૬૫૦/- | મંદિરના પરચુરણ ભંગાર વેચાણ, પરચુરણ આવક, ૧૯૯૯ |
| ૫૦૦/- | જયપ્રકાશ બી. શુક્લ, કુળદેવી ભેટ, ૨૦૦૦ |
| ૫૦૦/- | નૈનેશકુમાર પ્રમોદરાય આચાર્ય, કુળદેવી ભેટ, ૫૦૦૨ |
| ૫૦૦/- | રશ્મિકાંત કે. આચાર્ય, કુળદેવી ભેટ, ૫૦૦૩ |
| ૩૦૦/- | ભરતભાઈ ડી. આચાર્ય, કુળદેવી ભેટ, ૫૦૦૪ |
| ૧૦૦/- | દર્શ નિશાંત આચાર્ય, કુળદેવી ભેટ, ૫૦૦૫ |
| ૧૦૦/- | વેદીકા અમિત આચાર્ય, કુળદેવી ભેટ, ૫૦૦૬ |
| ૩૦૦/- | કનિષ્કા મનિષભાઈ શુક્લ, કુળદેવી ભેટ, ૫૦૦૭ |
| ૫૦૦/- | દિલીપભાઈ જમનાશંકર મહેતા, કુળદેવી ભેટ, ૫૦૦૮ |
| ૩૦૦/- | નયનાબેન દિલીપભાઈ મહેતા, પુનિતેશ્વર મહાદેવ, ૫૦૦૯ |

૫૦૦/- ભરત રમણીકલાલ ભટ્ટ, કુળદેવી ભેટ, ૫૦૧૦
૫૦૦/- મિહીર મહેશભાઈ દીક્ષિત, કુળદેવી ભેટ, ૫૦૧૧
૩૦૦/- મિહીર મહેશભાઈ દીક્ષિત, પુનિતેશ્વર મહાદેવ, ૫૦૧૨
૫૦૦/- વિનયકુમાર દશરથલાલ દીક્ષિત, કુળદેવી ભેટ, ૫૦૧૩
૨૫૦/- પ્રિયાંક વિજયભાઈ આચાર્ય, પુનિતેશ્વર મહાદેવ, ૫૦૧૪
૨૫૦/- હિરલ પ્રિયાંક આચાર્ય, કુળદેવી ભેટ, ૫૦૧૫
૫૦૦/- ઈન્દીરાબેન બી. દવે, કુળદેવી ભેટ, ૫૦૧૬
૨૦૦/- વિનોદભાઈ ડી. આચાર્ય, કુળદેવી ભેટ, ૫૦૧૭
૫૦૦/- બાલમુકુંદભાઈ અધ્વર્યુ, કુળદેવી ભેટ, ૫૦૧૮
૫૦૦/- કીર્તન આર. દીક્ષિત, કુળદેવી ભેટ, ૫૦૧૯ (સ્વ. મુકુંદલાલ નટવરલાલ દીક્ષિતની પુણ્યતિથી નિમિત્તે)
૫૦૦/- અવની રાજન સોલંકી, કુળદેવી ભેટ, ૫૦૨૦
૨૫૦/- નીલ જયેશભાઈ આચાર્ય, કુળદેવી ભેટ, ૫૦૨૧
૨૫૦/- વામિકા હર્ષ દીક્ષિત, કુળદેવી ભેટ, ૫૦૨૨
૨૫૦/- કોમલ હર્ષ દીક્ષિત, કુળદેવી ભેટ, ૫૦૨૩
૨૦૦/- દિલીપ જગન્નાથભાઈ દીક્ષિત, કુળદેવી ભેટ, ૫૦૨૪
૫૦૦/- જનકભાઈ ડી. પાઠક, કુળદેવી ભેટ, ૫૦૨૫
૫૦૦/- દિપકભાઈ ડી. પાઠક, કુળદેવી ભેટ, ૫૦૨૬
૨૦૦/- ઉજજવલ કૌશિકભાઈ આચાર્ય, કુળદેવી ભેટ, ૫૦૨૭
૫૦૦/- મનિષભાઈ દીક્ષિત, કુળદેવી ભેટ, ૫૦૨૮
૫૦૦/- હેતલબેન સચિનભાઈ વ્યાસ, કુળદેવી ભેટ, ૫૦૨૯
૨૦૦/- ઉજજવલ કૌશિકભાઈ આચાર્ય, પુનિતેશ્વર મહાદેવ, ૫૦૩૦

**વસ્તુ ભેટ**

સાડી-૧ ઉષાબેન યોગેશભાઈ દીક્ષિત, ૦૦૯
સાડી-૧ વ્યંજના સી. દીક્ષિત, ૦૧૦
તેજલબેન નૈનેશભાઈ આચાર્ય, ૦૧૧ (માતાજીના વાઘાનો સેટ -૧ અંદાજે રૂ. ૬૬૦૦)
યોગેશભાઈ વિશ્વનાથભાઈ અધ્વર્યુ, ૦૧૨ (માતાજીને પંચધાતુનું છત્ર નંગ-૧)
સાડી - ૩ હવન નિમિત્તે ભાઈ ભક્તો તરફથી, ૦૧૩
સ્વ. અરૂણભાઈ આચાર્ય તથા મીનાબેન શાહ, લેસ્ટર, અમૂલ ઘી કિલો ૧૫ અખંડ દીવા માટે, ૦૧૪

NIRM
SYNERGY
*We Make Things Possible*

મહેન્દ્રભાઈ પટેલ (M) 9428602603 / 9376138611
**ન્યુ સાવલીયા ડેકોરેટર્સ એન્ડ હાયરર્સ**
મધુલતા સાંસ્કૃતિક હોલ, વાસણાના ડેકોરેશન કોન્ટ્રાક્ટર
શુભ પ્રસંગે રસોઈના વાસણ, ટેબલ, ખુરશી, મંડપ તથા ગાદી ભાડે આપનાર
૩, વિજયંત શોપ્સ એપાર્ટમેન્ટ, ઈડન ગાર્ડન સામે, બંસીધર સોસાયટીની બાજુમાં, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.

# તિથિદાન

**ચૈત્ર વદ ૯ થી વૈશાખ વદ ૪ (તા. ૧૧-૦૪-૨૦૨૬ થી ૧૦-૦૫-૨૦૨૬) સુધી**

**સ્વ. વાસંતીબેન કૃષ્ણકાંત આચાર્યની સ્મૃતિમાં ચાલુ માસની બાકી રહેતી તિથીઓ માટે પૂજા,થાળ, અર્ચન**

**ચૈત્ર વદ ૯**
હીરાગૌરી ડાહ્યાલાલ આચાર્ય
શાંતાબેન નાગરદાસ ભટ્ટ
મુક્તાબેન ચિમનલાલ વ્યાસ

**ચૈત્ર વદ ૧૦**
વસંતભાઈ પ્રભાશંકર જોશી
ચંદ્રકાંત માણેકલાલ ભટ્ટ
પરેશ અશોકભાઈ આચાર્ય

**ચૈત્ર વદ ૧૧**
સરસ્વતીબેન બાલકૃષ્ણ ભટ્ટ
પરમાનંદદાસ ગરબડદાસ અધ્વર્યુ
મણીશંકર ગણપતરામ આચાર્ય
જયેશભાઈ ગોવિંદભાઈ વ્યાસ

**ચૈત્ર વદ ૧૨**
વાસુદેવપ્રસાદ શિવરામ પુરોહિત
ગજાનનભાઈ અમૃતલાલ ભટ્ટ
રમેશચંદ્ર અંબાશંકર મહેતા
કૃષ્ણકુમાર પ્રાણશંકર જોશી
સુલોચનાબેન નટવરલાલ આચાર્ય

**ચૈત્ર વદ ૧૩**
આનંદીબેન રામપ્રસાદ વ્યાસ
બળવંતરાય હરગોવિંદદાસ દીક્ષિત
કાશ્મીરાબેન પ્રકાશભાઈ વ્યાસ
હંસાબેન પ્રફુલચંદ્ર પાઠક
રામકૃષ્ણ જગન્નાથ પુરોહિત
સુમતીબેન ગીરીશચંદ્ર પુરોહિત

**ચૈત્ર વદ ૧૪**
હરજીવનદાસ મૂળજીભાઈ અધ્વર્યુ
સૂર્યાબેન દયાશંકર ઉપાધ્યાય
માલવીકાબેન હરિકૃષ્ણ ભટ્ટ
વિમલભાઈ (બકુલભાઈ) અમૃતલાલ પંડ્યા
મમતાબેન ભાવિનભાઈ ભટ્ટ

**ચૈત્ર વદ અમાસ**
ડાહ્યાલાલ ગોવિંદરામ મહેતા
હર્ષદરાય જમનાશંકર પાઠક
રવિશંકર મણીશંકર ઉપાધ્યાય
ખુશીબેન ભાવિનભાઈ ભટ્ટ

**વૈશાખ સુદ ૧**
હરિલાલ મણીશંકર આચાર્ય
ચંદુભાઈ બાબરભાઈ મહેતા
પ્રફુલ્લભાઈ મૂળશંકર ભટ્ટ

**વૈશાખ સુદ ૨**
શિવશંકર ગૌરીશંકર ભટ્ટ

**વૈશાખ સુદ ૩**
પ્રફુલચંદ્ર રેવાશંકર પાઠક
તુષાર વિમલભાઈ ભટ્ટ

**વૈશાખ સુદ ૪**
લીલાબેન ચંદ્રકાંત મહેતા
સોમનાથભાઈ મથુરદાસ ભટ્ટ
ભાનુબેન રઘુનાથભાઈ વ્યાસ

**વૈશાખ સુદ ૫**
બાલકૃષ્ણભાઈ પૂજાલાલ પુરોહિત
ઉર્મિલાગૌરી દિનેશચંદ્ર વ્યાસ
મૌલિકભાઈ રાજેન્દ્રભાઈ અધ્વર્યુ
કુમુદબેન પ્રફુલ્લચંદ્ર પુરોહિત
જગન્નાથભાઈ રેવાશંકર ઉપાધ્યાય

**વૈશાખ સુદ ૬**
નર્મદાશંકર લલ્લુભાઈ આચાર્ય
હેમલતાબેન ભાનુપ્રસાદ શુક્લ
શિવશંકર પ્રભાશંકર મહેતા
લક્ષ્મીકાંત (ભાઈલાલભાઈ) બળદેવદાસ ભટ્ટ

**વૈશાખ સુદ ૭**
મણીશંકર ભવાનીશંકર ભટ્ટ
ભાર્ગવ હરિકૃષ્ણ દીક્ષિત

**વૈશાખ સુદ ૮**
ભગવતીબેન રવિશંકર ઉપાધ્યાય
શકુંતલાબેન નિરંજનભાઈ ગોર
શંકરલાલ મોહનલાલ ઉપાધ્યાય

**વૈશાખ સુદ ૯**
નર્મદાશંકર ભોગીલાલ મહેતા
રવિશંકર ગંગારામ ભટ્ટ

**વૈશાખ સુદ ૧૦**
મુગુટલાલ હરિલાલ પંડિત
બાલકૃષ્ણ મોહનલાલ ઉપાધ્યાય
ગીરીશભાઈ શંકરલાલ આચાર્ય
હંસાબેન સતિષભાઈ મોરજરીયા
મહેન્દ્રકુમાર દેવશંકર ભટ્ટ
હિતેશભાઈ શાંતિલાલ શેઠ
ઈન્દુમતીબેન કુલીનચંદ્ર જોશી
ઈન્દીરાબેન જગદીશચંદ્ર ઉપાધ્યાય
નિખિલ અશોકભાઈ આચાર્ય

**વૈશાખ સુદ ૧૧**
ગોવિંદલાલ અમૃતલાલ વ્યાસ
અલકાબેન રમેશચંદ્ર વૈદ્ય
અનામ ડેનીસ શેઠ
રતિલાલ જગજીવનદાસ મહેતા
દીપકભાઈ ગીરજાશંકર દીક્ષિત

**વૈશાખ સુદ ૧૨**
કુંવરબેન ધનેશ્વર મહેતા
સુધીરકુમાર વિનુભાઈ ભટ્ટ

**વૈશાખ સુદ ૧૩**
બાલકૃષ્ણ ઉમિયાશંકર આચાર્ય
ડાહીબેન દેવશંકર પંડ્યા
તુષાર વિમલભાઈ ભટ્ટ

**વૈશાખ સુદ ૧૪**
કાન્તાબેન રમણિકલાલ ભટ્ટ
કિરણકુમાર જટાશંકર અધ્વર્યુ
અનસુયાબેન શરદચંદ્ર પંડ્યા

**વૈશાખ સુદ પૂનમ**
ભારતીબેન ચંદ્રકાંત શાહ
ચંદ્રવદન રતિલાલ પંડ્યા
મહેન્દ્રપ્રસાદ દેવશંકર પુરોહિત
રક્ષાબેન પ્રદિપભાઈ ખેતિયા
રવિશંકર કરશનજી મહેતા
કિરીટભાઈ ચીમનલાલ ઉપાધ્યાય

**વૈશાખ વદ ૧**
નિવેદિતાબેન અંબાલાલ આચાર્ય
મીનાક્ષીબેન બી. અધ્વર્યુ

**વૈશાખ વદ ૨**
ભાનુમતિબેન નર્મદાશંકર આચાર્ય
પાર્વતીબેન બેચરભાઈ ઉપાધ્યાય

**વૈશાખ વદ ૩**
રતિકુમાર ભોળાશંકર વ્યાસ

**વૈશાખ વદ ૪**
અરવિંદકુમાર મણીશંકર ઉપાધ્યાય
નિરંજનભાઈ શિવશંકર મહેતા
યોગીનીબેન કાન્તીલાલ શુક્લ
વિનાયક નર્મદાશંકર મહેતા

**વૈશાખ વદ ૫**
પ્રભાવતીબેન લજ્જાશંકર અધ્વર્યુ
શાંતિલાલ મૂળજીભાઈ ઉપાધ્યાય
રતિલાલ ઉત્તમભાઈ આચાર્ય
મધુબેન નાથાલાલ જોષી
યશુબાળા રામકૃષ્ણ પુરોહિત

**વૈશાખ વદ ૬**
અંબાલાલ નર્મદાશંકર આચાર્ય
કનકરાય નાગરદાસ ભટ્ટ

**વૈશાખ વદ ૭**
કુસુમબેન ગજેન્દ્રભાઈ અધ્વર્યુ

**વૈશાખ વદ ૮**
ચંદ્રિકાબેન ચંદ્રવદન દીક્ષિત
મધુકરભાઈ કાંતિલાલ ઉપાધ્યાય

## જન્મદિવસની શુભેચ્છા

૧૫/૪ : રાજેશ ભાઈલાલભાઈ ગોર
૧૭/૪ : હિમાલી કંદર્પકુમાર વ્યાસ
૧૮/૪ : પ્રિતિબેન જીગરભાઈ વ્યાસ
૨૪/૪ : કેશવી હિરેનભાઈ જોષી
૨૬/૪ : પ્રેરીત ભૂમિન ભટ્ટ

## લગ્નદિવસની શુભેચ્છા

૬/૫ : હંસાબેન તથા નટવરલાલ ત્રિભોવનદાસ પુરોહિત
૯/૫ : પિયુષભાઈ જ. દીક્ષિત - શ્રદ્ધાબેન પિયુષભાઈ દીક્ષિત
૯/૫ : રાજેન્દ્ર જ. દીક્ષિત - રીટાબેન રાજેન્દ્ર દીક્ષિત

## જન્મજયંતિ

ચૈત્ર વદ ૫ : ચંદ્રકાંતભાઈ નર્મદાશંકર આચાર્ય

મધુવન ફાર્મ પાર્ટી પ્લોટ
શુભ લગ્ન પ્રસંગે, રીસેપ્શન, બર્થ ડે પાર્ટી, સગાઈ વિધી, કોર્પોરેટ પાર્ટી, ઈવેન્ટ માટે વિશાળ પાર્કિંગની સુવિધા સાથે પાર્ટીપ્લોટ ભાડે મળશે.
ચારધામ મંદિર સામે, પૂનમપૂરા પાટિયા, નેનપુર ચાર રસ્તા પાસે, ગામ સણસોલી, મહેમદાવાદ રોડ, મહેમદાવાદ, જી.ખેડા
બુકીંગ માટે (M) 9898946136/9879187484

કાઠીયાવાડનો સ્વાદ હવે આપના દરવાજે...
કાઠીયાવાડી । પંજાબી । ચાઈનીઝ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
ઓર્ડર માટે : (M) 9558811479
કાઠીયાવાડી ઢાબા
૧૦,૧૧,૧૨, અક્ષરધામ રેસીડેન્સી, ડી-માર્ટ પાસે, નિકોલ-હરીદર્શન રોડ, નવા નરોડા, અમદાવાદ-૩૮૦૦૪૯.

ડૉ. ધૈર્ય ભાઈલાલભાઈ ભટ્ટ (M) 7383245526
માતૃ ક્લિનીક
૨૪, સહજ રેસીડેન્સી, નિકોલ લેક ગાર્ડન પાસે, નિકોલ, અમદાવાદ
રુદ્રાય હોસ્પિટલ
મેડીકલ । આઈસીયુ । સર્જીકલ । ડેન્ટલ
છઠ્ઠો માળ, હીલ ટાઉન લેન્ડમાર્ક, દાસ ખમણની સામે, સાનિધ્યપાર્ક પાસે નિકોલ-નરોડા રોડ, નિકોલ

# "વિશ્વ ચકલી દિવસ" એ પક્ષી પરબનું વિતરણ કરી જન્મદિવસ ઉજવતા મંત્રીશ્રી મનોજભાઈ જોશી



સિમેન્ટ કોંક્રીટના જંગલોના વીકાસની લ્હાયમાં પર્યાવરણનો સર્વનાશ કરતી માનવજાતના કારણે બાળકોની વ્હાલી ચકીબેનની સંખ્યા દિવસે દિવસે ઘટતી જાય છે. આ ઘટતી સંખ્યાની ચિંતાના કારણે પર્યાવરણ વાદી અને મહામંડળના નવનિયુક્ત મંત્રીશ્રી મનોજભાઈ જનાર્દન જોશી સતત ચિંતિત રહે છે. એમનો જન્મદિવસ પણ ૨૦મી માર્ચ "વિશ્વ ચકલી દિવસ"ના દિવસે જ આવતો હોવાથી છેલ્લા ઘણા વર્ષોથી તેઓ આજના દિવસે "પક્ષી પરબ"નું જાહેર વિતરણ કરે છે. આ વર્ષે પણ આજના દિવસે મનોજભાઈએ પોતાની ઓફિસમાં આવનાર દરેક ગ્રાહકો અને મિત્રોને પોતાના જન્મ દિવસની ખુશીમાં મોં મીઠું કરાવી, મોટી સંખ્યામાં "પાણીની પરબ"નું વિતરણ કરી અનુકરણીય સેવા કાર્ય કરી, સમાજમાં પ્રકૃતિની સેવાનો દાખલો બેસાડ્યો છે. આપ નવરાશની પળોમાં બાળકોને પણ પર્યાવરણ માટે સંવેદના ઊભી કરી, પૂંઠાના ખોખામાંથી પક્ષીના માળા બનાવરાવી, નવી ઉગતી પેઢીને પર્યાવરણના પાઠ શીખવો છો. જેથી ભવિષ્યની પેઢી માં પણ પર્યાવરણ સેવાની મશાલ પ્રજવલિત રહે. અત્રે ઉલ્લેખનીય છે કે આપની પર્યાવરણ સેવાની નોંધ લઈને તાજેતરમાં ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર દ્વારા પર્યાવરણ સેવા ક્ષેત્રે આપને એવોર્ડ આપી, જાહેર સન્માન કરવામાં આવેલ. બાળકોની વ્હાલી ચીં ચીં કરતી ચકલીબેન, જોડકણા કે બાળકાવ્યોમાં જ રહી ન જાય એની જવાબદારી આપણા સૌની છે...! **પર્યાવરણ જતન અને સંવર્ધન આપણા સૌની સામાજિક ફરજ છે.**

## અભિનંદન...!!!

શ્રી સોરઠ વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ- ગોંડલ "હેમવાડી"ના ટ્રસ્ટી, વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ મહામંડળ-અમદાવાદ ના પૂર્વ સહતંત્રી, પૂર્વ ચૂંટણી અધિકારી,પૂર્વ કારોબારી સભ્ય (સોરઠ ક્ષેત્ર) શ્રી રાજેશભાઈ પ્રતાપરાય વ્યાસના સુપુત્ર **ચિ. જીત રાજેશભાઈ વ્યાસ**ને કુકસવાડા (તા. માળીયા હાટીના, જિ.જૂનાગઢ) માધ્યમિક શાળામાં કાયમી શિક્ષક તરીકે નિમણુંક મળેલ છે.

## જન્મના વધામણાં


આશાબેન તથા અતુલભાઈ મનહરલાલ વ્યાસના સુપુત્ર વેબસાઈટ કમિટી ના કન્વિનર ભાવનગર નિવાસી **શ્રી ચિન્મય અતુલભાઈ વ્યાસ તથા અ.સૌ દીક્ષિતા ના ત્યાં તા.૦૫/૦૩/૨૦૨૬ ના રોજ પુત્રરત્ન ચિ.પ્રત્યુષ**નો જન્મ થયેલ છે.

### અવસાન નોંધ

(૧) સ્વ. રસિકલાલ માણેકલાલ પંડ્યા (લંડન, ધંધુકા) (૨) સ્વ. ઉર્મિલાબેન રમેશભાઈ ઓઝા (યુ.એસ.એ., સોજીત્રા)

(૩) સ્વ. ઋષિકેશ સુભાષચંદ્ર ઉપાધ્યાય (યુ.એસ.એ.,ધંધુકા) (૪) સ્વ. વાંસતીબેન મનસુખલાલ ઉપાધ્યાય (અમરેલી)

## આપણા પથદર્શક - સદ્‌ગત શ્રી ફુલાશંકર મહારાજ



શ્રી ફુલાશંકર મહારાજનો જન્મ સંવત ૧૯૪૦માં ગુજરાતના સોજીત્રા ગામમાં થયો હતો. તેમનું ગામ વસો હતું. તેમના પિતાનું નામ લાભશંકર, માતાનું નામ ઇચ્છાબા હતું. માતાપિતા બહુ સંસ્કારી, ધર્મનિષ્ઠ અને પવિત્ર હતાં. અભ્યાસ તો. ગુ. ૭ ધોરણનો, પણ ગાંભીર્ય, જ્ઞાન, પર્ભાવ ઘણાં. જીવનમપ્રારંભ શિક્ષણપ્રવૃત્તિથી કર્યો. પછીથી વડોદરાની ન્યાય કચેરીમાં નોકરીમાં જોડાયા. ગામડાંઓમાં ખેડૂતોને ત્યાં જમીનાં કામોમાં તેમને જવાનો યોગ આવ્યો. ગરીબ જનતાના દુઃખથી હૃદય કકળી ઊઠ્યું. 'આ કામ આપણાથી નહીં બને' એ વિચાર આવતાં નોકરીમાંથી છૂટા થયા. જીવને જુદો આકાર લીધો. ગુપ્ત જીવનજ્યોત પ્રગટી. 'રાજાની નોકરી કરતાં રાજાના રાજા સર્વસમર્થ પ્રભુની નોકરી સારી.' એ વિચારે ભગવત્ પરાયણ સ્વરૂપનિષ્ઠ બનાવ્યા. ત્યાગ, ઉપસાના, જપ, નિયમ બહુ વધ્યાં. ૮-૯ વર્ષ આબુ રહેલા. એકાંત બહુ પ્રિય. શ્રી ગાયત્રી પુરશ્ચરણ કરેલું. સંતોનો સંગ થયો.

તેઓશ્રી શ્રીમદ્ ભાગવતની કથા કરતા. અખંડ ભજન સપ્તાહ કરતા. નિત્ય સવાર-સાંજ શ્રીરામચરિત માનસ, પ્રીતમની વાણી, અરવિંદ યોગનું તત્ત્વજ્ઞાન વગેરે વિષય ઉપર કથા કરતા. ઉત્તર ગુજરાતમાં વિજાપુર તાલુકામાં લાડોલ ગામ છે, ત્યાં શતમખ યજ્ઞ કરેલો. આશરે હાજરેક વિદ્વાનો હતા. માનવ મહેરામણ ઉમટેલો. દરેકને પ્રસાદ લીધા સિવાય નહીં જવાનું. અજોડ સત્કર્મ બનેલું. નાનો સરખો કુંભમેળો લાગતો. ચરોતરમાં ઘણે ઠેકણે સોજીત્રા, વસો, સાંખેદ, કરમસદ, ખંભાત, દેથલી, મુંબઈ, અમદાવાદ, નડિયાદ, રાસ, બોચાસણ, ભાદરણ વગેરે સ્થળોએ તેઓશ્રીએ કથા, પ્રવચન, પારાયણ, સપ્તાહ આદિના લાભ જનતાને આપેલા. જે ઠેકાણે જે દ્રવ્યપ્રાપ્તિ થતી તેમાંથી ઘણુંખરું તો તે જ ગામમાં બ્રાહ્મણોના સત્કારમાં, ભોજનમાં, કન્યાશાળામાં, વિદ્યાર્થીઓને જમાડી દેવા વગેરેમાં અથવા ત્યાંની સાર્વજનિક સંસ્થામાં આપી દેતા. પાછલા ૫-૧૦ વર્ષમાં તો કંઈ જ ભેટ સ્વીકારતા નહિ. અપરિગ્રહવ્રત હતું. લાડોલમાં મંદિરની સ્થાપના કરી. શ્રી રણછોડજીની પ્રતિમા પધરાવેલી છે. ખંભાતમાં મંદિરની સ્થાપના કરેલી છે. શ્રી શ્યામસુંદરના ચિત્રપટની સેવા છે. વસોમાં 'વાલ્મીક વિદ્યોત્તેજક મંડળ'ની સ્થાપના કરેલી છે.

તેઓશ્રીનો ઉપદેશ ટૂંકો, સૂચક, સરળ, પ્રેરક અને બહુ પ્રભાવવાળો હતો. ૨૦-૨૫ વર્ષના અબોલા લીધેલાં કુટુંબોને ભેગાં કરેલાં છે. એવાં કેટલાંય કુટુંબ સુખી થયેલાં છે. ઘણા વ્યસનીઓ વ્યસનમુક્ત થઈ રૂડું જીવન જીવી રહ્યા છે. તેઓશ્રી કહેતા, 'રોગ થાય એવું ખાશો નહીં, જેથી વૈદ્ય અને ડૉક્ટરો અટકશે, વઠવાડ થાય તેવું બોલશો નહીં, જેથી વકીલ અને કોર્ટો અટકશે, દેવું થાય એવું ખર્ચશો નહીં, જેથી ઉઘરાણીયા અને લેણદાર અટકશે, પાપ થાય તેવું કમાશો નહીં, જેથી દુઃખ અને જમના દૂતો અટકશે.' 'સોય જેવા બનો, કાતર જેવા નહીં.' 'કમાવ તેમાંથી ઓછામાં ઓછો દશાંશ સત્કર્મમાં ખર્ચો.' 'રૂડું જીવી જાવ', કેવળ ભૌતિક અને માયાની પ્રવૃત્તિમાં મગ્ન ન રહો, થોડું થોડું પણ ધર્માચરણ, જપ, તપ, દાન સેવા કરતા રહો. તેઓશ્રી ૩૦-૩૫ વર્ષથી અન્ન નહોતા લેતા. દૂધ, છાશ ફળ લેતા. હંમેશા શુદ્ધ ખાદી પહેરતા. પ્રેમ અને

શાંતિની તો જાણે મૂર્તિ જ. એક પુત્ર અને એક પુત્રી બે જ સંતાનો છે. પુત્ર શાસ્ત્રીશ્રી સીતારામભાઈ શ્રીમદ્ ભાગવત અને તુલસીકૃત રામાયણના સુંદર કથાકાર છે. ઘણો મોટો એવો શિષ્ય સમુદાય છે, ઘણા ઉપાસકો છે.

અમદાવાદમાં પ્રેમ દરવાજે શ્રી સરયૂદાસજીના મંદિરમાં મહંતશ્રી સૂર્યપ્રકાશજીની જગ્યામાં તેઓશ્રીએ સં. ૧૯૯૪માં ચાતુર્માસમાં ૩ માસ કથા કરેલી. હજારોની સંખ્યામાં જનતા લાભ લેતી.

સં. ૧૯૯૫ના અષાઢ વદ ર સોમવાર પંચાવન વર્ષની ઉંમરે તેઓશ્રીનો ખંભાતમાં સ્વર્ગવાસ થયો. આ મહાપુરુષની જીવનઝરમર અનેકને પ્રેરણાદાયી નીવડશે. આવા સંતપુરુષ આપણી જ્ઞાતિમાં જન્મવાથી આપણી જ્ઞાતિ ધન્ય થઈ છે.

ૐ શાંતિ. (વાલમ વર્તમાન, અંક ૨, તા. ૩૦-૦૯-૧૯૪૭ના અંકમાંથી સંકલન)

• • •

## કિડસ કોર્નર




આગામી આવનારા વેકેશન ના સમયનો સદુપયોગ કરીને બાળકો, કિશોરો, યુવાનો તથા વડીલો વિસરાઈ ગયેલી પત્ર લેખનની પ્રવૃતિમાં જોડાય, પોતાના વિચારોની મુક્ત મને રજૂઆત કરતા શીખે તથા એ બહાને મંડળ સાથે પત્ર સેતુથી જોડાય તે હેતુથી નીચે જણાવ્યા મુજબના વિષયો સાથે પત્રલેખન ની સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. **આપના પત્ર પૂરું નામ, સરનામું, મોબાઈલ નંબર વગેરે લખી મોડામાં મોડા તા.૧૦/૦૫/૨૦૨૬ સુધી મળી રહે તે રીતે મહામંડળ કાર્યાલયને મોકલી આપશો.** ચારે શ્રેણીમાં ઉત્તમ પત્રોને વાલમ વર્તમાનમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

**ધોરણ ૧ થી ૭ (બાળ વર્ગ)**
(૧) "વેકેશન ની પ્રવૃતિઓ વિષે પત્ર"
(૨) "મારું ભવિષ્ય જો હું .....હોઉં તો?"

**ધોરણ ૮ થી ૧૨(કિશોર વર્ગ)**
(૧) "AI આશીર્વાદ કે અભિશાપ?"
(૨) "યુદ્ધ એજ કલ્યાણ કે વિનાશ?"


**કૉલેજ અને ઉપરના વિધાર્થીઓ તથા યુવાનો ૧૮થી ૫૦ વર્ષ સુધી (યુવાવર્ગ)**
(૧) "જ્ઞાતિ પ્રવૃતિઓમાં મારું યોગદાન"
(૨) "જ્ઞાતિ પ્રવૃતિઓ માં કરવા જેવા પરિવર્તન"

**૫૦ વર્ષ થી ઉપર (વડીલ વર્ગ)**
(૧) "સાંપ્રત સામાજિક સમસ્યાઓ અને ઉકેલ"
(૨) "સમાજ થી વિમુખ થઈ રહેલ યુવા વર્ગને ઉદ્દેશીને"
(૩) "વાલમ વર્તમાનને વાંચન સમૃદ્ધ બનાવવા માટે આપના સૂચનો"

• • •

# અગિયારમી વાર્ષિક પુણ્યતિથિએ સ્મરણાંજલિ – હૃદયાંજલિ

## સ્વ. ગિરીશચંદ્ર રામકૃષ્ણ અધ્વર્યુ



જન્મ : તા. ૧૭-૦૯-૧૯૩૭, ભાદરવા સુદ તેરસ
દેહવિલય : તા. ૦૨-૦૪-૨૦૧૫, ચૈત્ર સુદ તેરસ

**અમે સૌ પરિવારજનો પુણ્યતિથિએ હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ...**

લિ.

**અનસૂયાબેન ગિરીશચંદ્ર અધ્વર્યુ (ધર્મપત્ની)**
મિતેષ ગિરીશચંદ્ર અધ્વર્યુ (પુત્ર) - સ્મિતા ગિરીશચંદ્ર અધ્વર્યુ (પુત્રી)
મિતા બિપીનકુમાર બાપોદરા (પુત્રી) - બિપિનકુમાર દયાશંકર બાપોદરા (જમાઈ)
ધૈર્ય બિપિનકુમાર બાપોદરા (ભાણેજ) - પૂર્વી ધૈર્યકુમાર બાપોદરા (ભાણેજ વહુ)
ધૈર્વી - ચાવી (ભાણેજિયા)
સ્વ. ગોપાલકૃષ્ણ રામકૃષ્ણ અધ્વર્યુ - સરોજબેન ગોપાલકૃષ્ણ અધ્વર્યુ (ભાઈ-ભાભી)

મનિષકુમાર ગોપાલકૃષ્ણ અધ્વર્યુ
નેહા મનિષકુમાર અધ્વર્યુ (ભત્રીજો-ભત્રીજા વહુ)
જયરાજ મનિષકુમાર અધ્વર્યુ (પૌત્ર)

સંદિપકુમાર ગોપાલકૃષ્ણ અધ્વર્યુ
અમી સંદિપકુમાર અધ્વર્યુ (ભત્રીજો-ભત્રીજા વહુ)
વ્રજ સંદિપકુમાર અધ્વર્યુ
દેવાંશી સંદિપકુમાર અધ્વર્યુ (પૌત્રી)

કવિતા ઋતુરાજ ભટ્ટ
તેજલ કિલ્લોલ ભટ્ટ
મોક્ષ ઋતુરાજ ભટ્ટ,
મિશા કિલ્લોલ ભટ્ટ, દ્વિજ કિલ્લોલ ભટ્ટ

## અભિનંદન



શ્રી કુળદેવી માંની અસીમકૃપાથી, મૂળ રાજકોટ, હાલ અમદાવાદ નિવાસી **ડૉ. રાજેશ ઉપાધ્યાય (ગ્રુપ ડાયરેક્ટર, વરિષ્ઠ વૈજ્ઞાનિક, સેક/ઈસરો) તથા નેહાબહેનના સુપુત્ર ડૉ. પ્રાંજલ ઉપાધ્યાય, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદથી** એમ.બી.બી.એસ. પૂર્ણ કરી જી.એમ.ઈ.આર.એસ, મેડિકલ કૉલેજ અને સીવીલ હોસ્પિટલ, વલસાડ ખાતે એમ.એસ. (સર્જરી)ના ઉચ્ચ અભ્યાસમાં જોડાયેલ છે. તેમને ઉજ્જવળ કારકિર્દી માટે હાર્દિક અભિનંદન.

## અભિનંદન




**શ્રી વાલમ બ્રાહ્મણ મહામંડળના પૂર્વટ્રસ્ટી તથા કારોબારી સભ્ય શ્રી રજનીકાંત રતિલાલ પંડ્યા (ગોંડલ)ના સુપુત્ર શ્રી વ્યોમ રજનીકાંત પંડ્યા**ના પદવી સમારંભના કાર્યક્રમમાં ભાગ લઈ લંડનથી પરત ગોંડલ આવેલ છે. શ્રી વ્યોમ રજનીકાંત પંડ્યાએ કિંગસ્ટન યુનિવર્સિટી, લંડનમાં માસ્ટર્સ ડિગ્રી હાંસલ કરીને જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે.

R.N.I. No. 14974/57 Post. Reg. No. GAMC-56/2024-26 Valid Up to 31-12-2026
Permitted to Post at Ahmedabad unaccountable L1 on 5th of every month.

શ્રી ગણેશાય નમઃ

શ્રી વાઘેશ્વરી પ્રસન્નોસ્તુ




સંત શ્રી પુનિત મહારાજ







ભક્તરાજ શ્રી દેવશંકર મહારાજ

# વિદ્યાદાન મહાદાન

સંત શ્રી પુનિત મહારાજ સંકલ્પિત,
શ્રી દેવશંકર મહારાજ અનુદાનિત ભૂમિ
સ્વ. રમેશચંદ્ર છોટાલાલ વ્યાસ દ્વારા સાકાર થયેલ

## વાલમ બ્રાહ્મણ છાત્રાલય, વલ્લભ વિદ્યાનગર

જીર્ણોદ્ધાર નિમિત્તે શરૂ કરવામાં આવેલ સેવા સ્મરણ
રૂપી ધર્મયાત્રામાં જોડાવા માટે તથા તે નિમિત્તે ડાકોરના ઠાકોર રાજા રણછોડરાયજી તથા
મહાલક્ષ્મી માતાજીના ધ્વજાજીની પુનિત પધરામણી આપના ઘરે
અથવા ધંધાના સ્થળે કરવા હેતુ સંપર્ક કરશો.
ઉક્ત કાર્યમાં ધ્વજાજીના પૂજન, આરતી તેમજ પધરામણી નિમિત્તે આવેલ તમામ ભેટનો
વિનિયોગ છાત્રાલય જીર્ણોદ્ધાર માટે કરવામાં આવનાર છે.

–: સંપર્ક :–

પ્રમુખ : જયપ્રકાશ શુક્લ – ૯૮૨૪૪૭૯૯૪૪
ઉપપ્રમુખ : રાજેન્દ્ર મહેતા – ૮૨૩૮૦૧૧૪૭૫
મંત્રી : મનોજ જોષી – ૯૮૨૫૪૪૭૭૩૩

તંત્રી : કીર્તન દીક્ષિત – ૯૬૬૨૯૫૭૦૨૭
ખજાનચી : ભરત ભટ્ટ – ૯૫૧૦૮૯૩૫૮૫
કન્વિનર છાત્રાલય કમિટી : રાકેશ પુરોહિત – ૯૪૨૬૦૪૨૧૧૦

છાત્રાલય માટે અનુદાન મોકલવા માટેની વિગત
બેંકનું નામ : સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, વાસણા શાખા
A/c. No. : 1059037810, IFS Code : CBIN0281463

જમા કરેલ અનુદાનની વિગત ખજાનચીને મો. ૯૫૧૦૮૯૩૫૮૫ અચૂક મોકલવા વિનંતી.

## વાલમ બ્રાહ્મણ મહામંડળ, અમદાવાદ.

Printed and Published by **DIXIT KIRTAN RAJENDRA** on behalf of **VALAM BRAHMAN MAHAMANDAL** and printed at GAYATRI MUDRANALAYA, 10, L. B. Estate, Opp. Ajmeri Estate, Dhobhi Ghat, Dudheshwar, Ahmedabad - 380001 and published from C/8, Prathna Flat, Opp. Ankur School, Fatehnagar, Paldi, Ahmedabad - 380007.
**Editor : DIXIT KIRTAN RAJENDRA**

ખાસ નોંધ : મુખપત્રમાં કોઈપણ જ્ઞાતિબંધુ તેમજ વિભાગીય મંડળો તરફથી આવતી વિગતો, લખાણ, ભાષા માટે મહામંડળ તથા તંત્રી જવાબદાર નથી. - તંત્રી